**A. G. High School and G. & D. Parikh Higher Secondary School**

Navrangpura, Ahmedabad - 380 009.

**Preliminary Examination : 2014**

| | | |
|---|---|---|
| Date : 30.01.2014 | Std. : 10 | Marks : 100 |
| Day : Thursday | Subject : Gujarati | Time : 3:00 Hrs. |

## PART-A

**સૂચનાઓ :** (1) નીચે આપેલા 50 હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(3) દરેક પ્રશ્નનો એક ગુણ છે.
(4) આપને અલગથી આપેલ માં જે તે પ્રશ્ન નંબર સામે આપેલ છે. આપેલ પ્રશ્નનો જે ઉત્તર સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ 0 (વર્તુળ)ને પેનથી પૂર્ણ ઘટ્ટ કરવાનું રહેશે.

---

**દરેક પ્રશ્નમાં આપેલ વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ આપો :** **(50)**

1. 'ખેહ' એટલે......
   (A) સૂર્ય (B) શહેર
   (C) પંજેટી (D) ધૂળ
2. કવિ કલાપી પંખીઓને કેવી રીતે ચણવાનું કહે છે ?
   (A) ડર્યા વિના (B) સરળતાથી
   (C) સુખેથી (D) ઉતાવળથી
3. સપૂતો કોને જન્મમૃત્યુના આખરી જુહાર કરી નીકળે છે ?
   (A) પત્ની-પુત્રને (B) મિત્રોને
   (C) અંગ્રેજોને (D) દુશ્મનોને
4. ''નમું'' કાવ્યના કવિએ શાનો મહિમા વ્યક્ત કર્યો છે ?
   (A) સ્વાભિમાન (B) સમર્પણ
   (C) પવિત્રતા (D) શ્રદ્ધા
5. એક એ અનંતમાંથી કેટલા સિંધુ ઉમટ્યા ?
   (A) એક (B) ત્રણ
   (C) સાત (D) પાંચ
6. ''છપ્પા'' એટલે શું ?
   (A) છ પંક્તિવાળા પદ (B) છ પંક્તિવાળો કાવ્યપ્રકાર
   (C) છ પંક્તિવાળા ગીત (D) છ પંક્તિવાળા ગીત
7. રા.વિ. પાઠકના માતાનું નામ શું હતું ?
   (A) અહલ્યાબાઈ (B) અનન્યાબાઈ
   (C) આદિતબાઈ (D) અરુંધતી બાઈ
8. કૃષ્ણમય ગોપી મહીને બદલે શાનો સાદ પાડે છે ?
   (A) બંસીધર (B) કાનૂડો
   (C) મુરારિ (D) નટખટ
9. ''દાર'' એટલે શું ?
   (A) પત્ની (B) પુત્ર
   (C) પતિ (D) સખી

10. ''એ લોકો'' માં કોની વ્યથા આલેખવામાં આવી છે ?
(A) શોષણથી ભોગ બનતા માણસોની (B) ગરીબોની
(C) અમીરોની (D) પ્રજાની

11. ''માધવ ક્યાંય નથી મધુવનમાં'' એ રચના કોની છે ?
(A) હરીન્દ્ર દવે (B) જયંત પાઠક
(C) સુરેશ જોષી (D) સ્નેહ રશ્મિ

12. 'સોનેટ' કાવ્યના પ્રકાર કેટલા છે ?
(A) એક (B) ત્રણ
(C) બે (D) ચાર

13. પ્રભાતિયાં એટલે શું ?
(A) મોડી રાત્રે ગવાતાં ગીતો (B) વહેલી સવારે ગવાતાં ગીતો
(C) મોડી રાત્રે ગવાતાં ભજનો (D) વહેલી સવારે ગવાતાં ગીતો

14. પંખીઓ સ્વભાવે કેવા હોય છે ?
(A) નાજુક (B) શરમાળ
(C) ગભરુ (D) ક્રોધી

15. સમયને કોણ તાણીને (ખેંચીને) લઈ જતું નથી ?
(A) વાવાઝોડું (B) વરસાદ
(C) વર્ષાના પૂર (D) પરિસ્થિતિ

16. વૃદ્ધાવસ્થા અને જીર્ણતાને કોઈ રીતે શું દઈ શકાતું નથી ?
(A) તાળું (B) દગો
(C) ઈનામ (D) થીગડું

17. મહેતાજી પેન્સિલ હાથમાં લઈ કેવું નિરીક્ષણ કરતા હતા ?
(A) ઝીણવટગ્રાહી (B) ગુસ્સાથી
(C) તલાવગ્રાહી (D) નફરતગ્રાહી

18. બાળુ વૈદ્યે ચકલીઓના ત્રાસથી છૂટવા શું કર્યું હતું ?
(A) પિસ્તોલનો ઉપયોગ કર્યો હતો (B) આગમાં બાળી દીધી હતી
(C) લાકડીનો ઉપયોગ કર્યો હતો (D) એરગનનો ઉપયોગ કર્યો હતો

19. ''આંગળી ઝાલીને એને દોરજે'' ક્યા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?
(A) અગન પિપાસા (B) યાત્રિક
(C) ઝરૂખે દીવા (D) પ્રેમનાં આંસુ

20. વેપારી ક્યાંની મુસાફરીએ જવાનો હતો ?
(A) ઈંગ્લેંડની (B) હિંદની
(C) જાપાનની (D) ચંદ્રની

21. ''ઈલમ કી લકડી''નો અર્થ શું ?
(A) ઈમલીની લાકડી (B) ઈશુની લાકડી
(C) ઈલમ નામનો મલમ (D) જાદુની લાકડી

22. પરવાળાના પથ્થરને લેખક નવડાવવા ક્યા લઈ ગયા ?
(A) ચોકડીમાં (B) રસોડામાં
(C) નદીમાં (D) બાથરૂમમાં

23. રમણનું પરાનું મકાન કેવું હતું ?
(A) બે રૂમનું સુઘડ (B) નાનું સુઘડ સુંદર
(C) મોટું સુંદર (D) પાંચ રૂમનું સુંદર

24. કેવી પ્રતિભાનું અનુકરણ થતું નથી ?
(A) મૌલિક (B) અઘરી
(C) સ્વતંત્ર (D) પરતંત્ર

25. ચિત્ર-વિચિત્રેશ્વર મહાદેવનું મનોહારી સ્થાન ક્યાં આવેલું છે ?
(A) વિજલાસણ પાસે (B) દેલવાડા પાસે
(C) મારવડા પાસે (D) સગપુર પાસે

26. પેન્સિલ છોલવી એ શું છે ?
(A) હોંશિયારી (B) કળા
(C) ક્રિયા (D) વાત

27. ''દક્ષિણા મૂર્તિ'' એ શાની સંસ્થા છે ?
(A) મૂર્તિ માટે દક્ષિણા આપવાની (B) મૂર્તિ બનાવવાની
(C) શિક્ષણ આપવાની (D) દક્ષિણા આપવાની

28. વીસમી સદીમાં થઈ ગયેલા ડચ ચિત્રકારનું નામ શોધો.
(A) લિયોનાર્દો-દ-વિન્ચી (B) વાનગૉગ-૧
(C) લિયોનાર્દો-વિન્સેન્ટ (D) લિયોનાર્દો-વાનગૉગ

29. ''થીગડું'' પાઠના સર્જક કોણ હતા ?
(A) જયંતી દલાલ (B) સુરેશ દલાલ
(C) સુરેશ શાહ (D) સુરેશ જોષી

30. કોને ''રણજીતરામ સુવર્ણચંદ્રક'' એનાયત થયો હતો ?
(A) કૃષ્ણલાલ શ્રીધરાણી (B) રામપ્રસાદ શુક્લ
(C) હરીન્દ્ર દવે (D) હરેન પાઠક

31. નીચેનામાંથી ''પો + અન''ની સાચી સંધિ શોધો.
(A) પાવન (B) પવન
(C) પોઅન (D) પોવન

32. ''પર્યાવરણ'' શબ્દની સાચી સંધિ શોધો.
(A) પર્યા + વરણ (B) પર્ય + આવરણ
(C) પર + આવરણ (D) પરિ + આવરણ

33. ''તમારા ઘર ઘટના બની ગઈ'' - વાક્યમાં ક્યો નામયોગી વપરાશે.
(A) એ (B) થી
(C) માં (D) નજીક

34. ''શુદ્ધ કરવું'' - એટલે શું ?
(A) પવિત્ર (B) અણિશુદ્ધ
(C) પરિશુદ્ધ (D) પરિમાર્જન

35. નીચેનામાંથી મધ્યમપદલોપી સમાસ શોધો.
(A) નયનવાર (B) મહાદેવ
(C) કાચુંપાકું (D) દેશપ્રેમ

36. ''અપજશ'' સમાસનો પ્રકાર જણાવો.
(A) દ્વિગુ (B) કર્મધારય
(C) ઉપપદ્ (D) તત્પુરુષ

37. ''આ કામ તારાથી કરાતું નથી ?'' અનુગ શોધો.
(A) થી (B) આ
(C) કામ (D) નથી

38. ''વિદ્યાર્થીઓ ભગવાનનું નામ લેતાં હતાં.'' વાક્યમાં સહાયકારક ક્રિયાપદનો અર્થ બતાવો.
(A) વર્તમાનકાળનો અર્થ (B) સહાયકારક ક્રિયાપદ નથી
(C) સંભાવનાનો અર્થ (D) ભૂતકાળનો અર્થ

39. ''ગુજરાતી'' શબ્દના ધ્વનિ ઘટકો....
(A) ગ્ + અ + જ + અ + આ + ત + ઈ (B) ગ્ + અ + ઉ + ૨ + ઉ + ત + ઈ
(C) ગ્ + ઉ + જ્ + અ + ર્ + આ + ત્ + ઈ (D) ગુ + જ + અ + ૨ + આ + તી

40. નીચેનામાંથી ક્યા વાક્યમાં સહાયકારક ક્રિયાપદ વપરાયું નથી.
(A) પિતાજી ગીત ગાય છે (B) હું કદાચ આવીશ
(C) હું કદાચ કાલે આવીશ (D) બાળકો દેશભક્તિનાં ગીત ગાતાં

41. સુરેશ <u>હૈયાફાટ</u> રુદન કરતો હતો - રેખાંકિત સમાસનો પ્રકાર જણાવો.
(A) ઉપપદ (B) દ્વન્દ્વ
(C) કર્મધારય (D) મધ્યમપદલોપી

42. નીચેનામાંથી ક્યા જોડકામાં વિરોધી શબ્દ વપરાયેલ છે ?
(A) ધરતી x ભૂમિ (B) પાપ x પુણ્ય
(C) સૂર્ય x દિનેશ (D) આશા x ઈચ્છા

43. નીચેના શબ્દોમાંથી ''સ્વામી'' શબ્દનો વિરોધી શબ્દ બતાવો.
(A) ભાર્યા (B) શિશુ
(C) પતિ (D) મહિલા

44. ''સૈનિકો દેશ માટે <u>હંમેશા તૈયાર</u> હોય છે'' રેખાંકિત શબ્દો માટે ક્યો રૂઢિપ્રયોગ વાપરી શકાય ?
(A) કળી ઊઠવું (B) જીવ બાળવો
(C) પાનો ચડાવવો (D) કટિબદ્ધ હોવું

45. સાંકડો અને વનાચ્છાદિત માર્ગ એટલે.... ?
(A) ગલી (B) કુંજગલી
(C) કેડી (D) કેડી માર્ગ

46. 'જશોદા' શબ્દના ધ્વનિ ઘટકો લખો.
(A) જ + અ + શ + અ + ઓ + દ + અ + આ
(B) જ્ + અ + શ + અ્ + દ્ + આ
(C) જ્ + અ + શ્ + ઓ + દ્ + આ
(D) જ + અ + શ + અ + દ + આ

47. નીચેનામાંથી ક્યો શબ્દ પુલિંગ નથી ?
(A) સુત (B) પ્રેમી
(C) પ્રિયતમ્ (D) શાળા

48. નીચેનામાંથી સમાનાર્થીનું ક્યું જોડકું સાચું નથી ?
(A) યામિની - વિભાવરી (B) ક્ષણિક - શાશ્વત
(C) કામના - મનીષા (D) ધરતી - અવની

49. ''તોફાની વિદ્યાર્થી સામે શિક્ષક ગુસ્સે થયા'' - અહીં નીચેનામાંથી ક્યો રૂઢિપ્રયોગ વાપરી શકાય ?
(A) ભોંઠા પડવું (B) ઓછું આવવું
(C) હોઠ કરડવા (D) મુખ સિવાઈ જવું

50. ''સર્વત્ર'' વ્યાપેલો એટલે શું ?
(A) સર્વસાધન (B) સર્વજ્ઞાની
(C) સર્વોપરી (D) સર્વવ્યાપી

•••

## PART-B

સૂચનાઓ :
(1) આ પ્રશ્નપત્રમાં કુલ ચાર વિભાગો છે.
(2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
(3) જમણીબાજુના આંકડા પ્રશ્નના કુલ ગુણ દર્શાવે છે.
(4) નવો વિભાગ નવા પાને જ શરૂ કરવો.

## SECTION : A

**નીચેના આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે ચાર)** **(08)**

1 'અબ લગ કંકર એક ન લાગ્યો, ગયા ભાગ્ય મુજ ફૂટી'- પંક્તિ કઈ ઘટનાનો નિર્દેશ કરે છે ?
2. કવિને ''એ લોકો'' પ્રત્યે આક્રોશ શા માટે છે ?
3. અખો કોને ગુરૂ કરવાનું કહે છે ? શા માટે ?
4 ''શ્રદ્ધા તણું આસન જયાં, નમું તહીં' દ્વારા કવિ શું કહેવા માંગે છે ?
5. ભરવાડણ શેરીએ શેરીએ શાનો સાદ પાડે છે ?

**નીચેના આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે બે)** **(04)**

6 છેવટે ગાંધીજીએ ભેટ સંદર્ભે શો નિર્ણય લીધો ? તેનો ક્યારે શું ઉપયોગ કરી શક્યા છે ?
7 ''બાતે તિમિર ન ભાજીઈ,
દીવા, બાતી, તેલ નો શો અર્થ છે ?
8 પ્રભાશંકરને પરણતા પાંત્રીસ વર્ષ શા માટે થયા ?

**નીચેના આપેલા પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ઉત્તર લખો. (ગમે તે એક)** **(03)**

9 લેખકે રવિવારનો ઉપયોગ કેવી રીતે કર્યો ?
10. ''થીગડું'' શીર્ષકની યથાર્થતા સમજાવો.

## SECTION : B

**નીચેના ગદ્યખંડનું વિસ્તૃતીકરણ કરો :** (05)

વિદ્યા મેળવવાનો આધાર માત્ર વિદ્યાલય પર નહિ પણ મુખ્યત્વે વિદ્યાર્થી પર છે. માત્ર વિદ્યાલયમાં જઈને કે ઉપાધિ મેળવીને આપણે વિદ્યા પ્રાપ્ત કરી શકતા નથી. આ તો માત્ર બાહ્યાચાર છે. કેટલાક લોકો તીર્થમાં જાય છે ખરા પણ ત્યાં જવાને પુણ્ય માને છે - પામવાને નહિ. આજે આખા દેશના વિદ્યાર્થીઓ નિરર્થક રીતે વિદ્યા લેતા જણાય છે.

**12. નીચેની પંક્તિઓનો અર્થવિસ્તાર કરો :** (05)

સજ્જન કેરા સંગથી, ટળે બધા પરિતાપ,
સીલ લાખ પર દાબતાં, ઊઠે ઉત્તમ છાપ.

<u>અથવા</u>

કાયા છે કાચી માટી સમી, ઘડીએ તેમ ઘડાય
કંચન એ ત્યારે બને, જેમ કસોટી થાય.

## SECTION : C

**13. નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** (05)

તો પપ્પા, હવે ફોન મૂકું ?
તમનેય મોજ જરી આવે તે થયું મને
  <u>STD</u> ની ડાળથી ટહૂકું !
હૉસ્ટેલને ? હૉસ્ટેલ, તો ફાવે છે,
  જેમ કે કાંટામાં સચવાતું ફૂલ,
તો ય એ તો ઉઘડે છે, રંગભર્યું મહેકે છે,
  ડાળખીમાં કરે ઝૂલાઝૂલ,
ફાગણના લીલાકુંજાર કોઈ ઝાડવાનું,
  પાન એમ થાય નહીં સૂકું !
મમ્મી, બા જલસામાં ? બાજુમાં ઊભી છે ?
  ના, ના, તો વાસણ છો માંજતી,
કે 'જો આ દીકરી યે તારાં સૌ સપનાંઓ,
  રાત પડ્યે નીંદરમાં આંજતી,
સાચવજો, ભોળી છે, ચિન્તાળું, ભૂલકાણી,
  પાડજો ના વાંકું કે ચૂકું !
શું લીધું ? સ્કૂટરને ? ભારે ઉતાવળા !
  શમ્મુ તો 'કે' તો તો ફ્રિજ,
કેવા છો, જિદ્દી ! ને હપ્તા ને વ્યાજ ?
  વળી ઘર આખું ઠાલવશે ખીજ,

ઝાઝી તો વાતુંનાં ગાડાં ભરાય,
કહું હાઈકું માં એટલે કે ટૂંકું !
- મનોહર ત્રિવેદી

**પ્રશ્નો :**

1 આ કાવ્યમાં કોની કોની વચ્ચે અને ક્યા માધ્યમ દ્વારા વાતચીત થાય છે ?
2 પોતાની અને હૉસ્ટેલની સરખામણી દીકરી શાની સાથે કરે છે ?
3 ક્યા ક્યા પરિવારજનનો ઉલ્લેખ કર્યો છે ?
4 ક્યા કાવ્ય પ્રકારનું નામ કાવ્યમાં વાપર્યું છે ?
5 કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**14 નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **(05)**

''માણસની ત્રણ મુખ્ય પ્રાથમિક જરૂરિયાતો - અન્ન, વસ્ત્ર અને ઓટલો,'' અન્ન માટે દરેક માણસ પાસે ખેતર હોઈ શકે નહિ. રહેઠાણ પણ એક વાર બનાવ્યું કે એની મૂંઝવણ રહેતી નથી. વસ્ત્રનો પ્રશ્ન એવો છે કે જેનો ચાલુ ઉકેલ લાવવાનો હોય છે અને ધારે તો દરેક માણસ પોતાપૂરતા કાપડનું રેંટિયા દ્વારા ઉત્પાદન કરી શકે, એમાં ખાસ અગવડ પણ નથી. યરવડાચક્રની નાનકડી પેટી એ ગાંધીજીએ ભેટ આપેલું એક એવું ખેતર છે કે સૌ કોઈ સહેલાઈથી ખેડી શકે. સમય માંડ રોજનો પોણો કે એક કલાક. આટલું કરવા માત્રથી જીવનની એક પ્રાથમિક જરૂરિયાતને આપણે પોતે જ પૂરી પાડીએ એનો આનંદ જેવો તેવો નથી. માણસ કલાકે ક કાંતીને કરકસરનો પાઠ રેંટિયાના તારે તારે મેળવી શકે. તેની આર્થિક નજર ધીમે ધીમે બદલાઈ જાય. કાંતતી વખતે પૂણીમાંથી એ સહેજ પણ બગડવા દેશે ? એક એક તાર કરીને જે વસ્ત્ર ઉત્પાદન કરતો હોય તેના હાથથી જીવનમાં કોઈ પણ જાતની ઉડાઉગીરી થતી શી રીતે કલ્પી શકાય ? આપણે એક વસ્તુ નિયમિત કરી શકીએ છીએ એ જોઈ આત્મશ્રદ્ધા વધે એ પણ સ્વાભાવિક છે, પણ સૌથી મોટો લાભ સત્યપ્રિયતાનો ગુણ ખેડવાનો છે, કોકડામાં એક પણ કાચો તાર ગબડાવી દઈ શકવાનો નથી. જે માણસ એક કાચો તાર ચલાવી લઈ શકતો નથી, એક ખોટો તાર ગબડાવી દઈ શકતો નથી, તે જીવનમાં જૂઠું શી રીતે બોલી શકવાનો હતો ? અસત્ય આચરવાની હિંમત ક્યાંથી લાવવાનો હતો ?

**- ઉમાશંકર જોશી**

**પ્રશ્નો :-**

1. મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો કઈ - કઈ છે ?
2. આ જરૂરિયાતો મનુષ્ય કઈ રીતે પૂરી પાડી શકે ?
3. ''યરવડા'' ચક્ર એટલે શું ?
4. રેંટિયો જીવનમાં ક્યા ગુણ વિકસાવવામાં ઉપયોગી થાય છે ? કેવી રીતે ?
5. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**15** ''નિર્મળ ગુજરાત'' અભિયાન પર આધારિત તમારી શાળામાં યોજાયેલ ''સ્વચ્છતા અભિયાન'' પર 100 શબ્દોમાં અહેવાલ લખો. **(05)**

**અથવા**

બહેનની વર્ષગાંઠ નિમિત્તે જઈ શકો તેમ નથી તેથી તેને અભિનંદન આપતો પત્ર લખો.

## SECTION : D

16. **નીચે આપેલા ફકરામાંથી ભાષાશુદ્ધિની ખામીઓ શોધી, તે શબ્દોને સુધારીને ફરીથી ફકરો લખો.** **(02)**

''કરતાં જાળ કરોળીયો કવીતા લખનારે એમ તો, 'સોયમાં દોરો પરોવતી ડોશી' પર પણ કવિતા લખી નથી. જાળૂં ગૂંથતા જેટલી વાર નિસફળતા મળી એથી વધારે વાર દોરો પરોવવામાં મળે છે. પોલાણ અને નક્કરતાના ભેદ ર્ભૂસાય છે અને દોરાની અણી પાછી પડે છે, બુઠી થઈ જાય છે, એને ફરી વળ ચઢાવીને ફરી અણી કાઢવી પડે છે.

17. **નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે 150 શબ્દોમાં નિબંધ લખો.** **(08)**

**આજનો યુગ - કમ્પ્યૂટર યુગ :**

મુદ્દાઓ : પ્રસ્તાવના - શોધ અંગેનાં મંતવ્ય - કમ્પ્યૂટરની વિશેષતાઓ - કમ્પ્યૂટરની ઉપયોગિતાઓ - ઉપસંહાર.

**મા તે મા, બીજા વગડાના વા :**

મુદ્દાઓ : પ્રસ્તાવના - માતાનો વાત્સલ્ય ભાવ - સંસ્કારદાત્રી માતા- ત્યાગ અને વાત્સલ્યની ભાવના મૂર્તિ ''માતા'' - ઉપસંહાર.

●●●